ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૫/931-975

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા.૨૮/૦૧/૨૦૨૫

## પરિપત્ર

વિષય: નેશનલ મીન્સ કમ મેરીટ સ્કૉલરશીપ યોજના (NMMS) ૨૦૨૫ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના તા.૩૦/૧૨/૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૪-૨૫/ ૧૧૦૦૫-૧૧૨૮૦

(૨) રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા.૨૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક:ઇએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભ ૧(એક)ના જાહેરનામાંથી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કૉલરશીપ યોજના (NMMS) ૨૦૨૫ પરીક્ષાની તા.૧૬/૦૨/૨૦૨૫ના રોજ યોજવાનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ.

રાજ્ય ચુંટણી આયોગ ગાંધીનગરના જાહેરનામાથી તા.૧૬/૦૨/૨૦૨૫ના રોજ મતદાનની તારીખ જાહેર કરેલ છે. રાજય ચૂંટણી આયોગની અને રાજય પરીક્ષા બોર્ડની પરીક્ષાની તારીખ સમાન હોઇ, નેશનલ મીન્સ કમ મેરીટ સ્કૉલરશીપ યોજના (NMMS) ૨૦૨૫ પરીક્ષા તા.૧૬/૦૨/૨૦૨૫ના રોજ નિર્ધારીત કરેલ હતી. જે હવે પછી તા.૨૨/૦૨/૨૦૨૫, શનિવારના રોજ યોજવામાં આવશે. જે તમામ સંબધિતોએ નોંધ લેવી.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ નકલ રવાના અમલાર્થે

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી, તમામ, આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર